પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૧ | ૯ ઓગસ્ટ, ૨૦૧૮, ગુરૂવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રભાતના પગરવ...

પીઠ થાબડનારની પીઠ થાબડીએ...

આજની પ્રભાતના પગરવમાં સન્માન સેવાની વાત કરવી છે. અને તે પણ આપણી આસપાસ દૈનિક પ્રક્રિયા સાથે સંકળાયેલ એવા કર્મશીલોની. કામગીરીને બિરદાવી પીઠ થાબડનારની પીઠ થાબડવી છે. વાત નાની, છે, સહજ છે, પરંતુ નાને દિવડે ઉજવાતી દિવાળીનું અજવાળું સાર્વત્રિક બને અને નિરંતર બને એવા ભાવ સાથે ભાઈ પરેશ દવેને પોંખવા છે.

સેક્ટર-૨૩ ખાતે રહેતા અને દવેગ્રુપ ટ્યુશનના નામથી છેલ્લા ૨૨ વર્ષથી ઉત્તમ શિક્ષણ કાર્ય કરતાં યુવા શિક્ષક પરેશભાઈ દવે દ્વારા એક ઉમદા સેવા કાર્ય કરવામાં આવ્યું.

તેઓએ તેમની અત્યાર સુધીની તમામ બેંચના તમામ વિદ્યાર્થીઓને ટાઉનહોલ ખાતે આમંત્રિત કરી એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યુ. વાત આટલેથી પૂરી નથી થતી... અહીંથી શરૂ થાય છે.

કાર્યક્રમનો મુખ્ય એજન્ડા હતો ચાર એવી વ્યક્તિ અને પરિવારનું સન્માન જેને આપણે જાણીએ છીએ પણ ઓળખતા નથી.

એક એવું દંપતિ જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં પોસ્ટમોર્ટમ બાદ શબને, સગાને સોંપતા પહેલાં યોગ્ય રીતે સ્ટીચીઝ લેવાનું કામ કરે છે.

બીજા વ્યક્તિ હતા જોષીભાઈ, જે પરોક્ષ રીતે ગાંધીનગરના દરેક નાગરિક સાથે જોડાયેલા છે. કારણ કે રોજ સવારે છ વાગે આપણા નળમાં પાણી એમના કારણે આવે છે. ચરેડીના બોરવેલ પર વર્ષોથી આ ફરજ નિયમિત રીતે બજાવતાં જોષીભાઈ, ને સહપત્ની નવાજવામાં આવ્યા.

સ્મશાનમાં મૃતદેહના અંતિમ સંસ્કારનું કામ કરતાં પરિવારને જાહેરમાં સન્માનવાનો વિચાર કદાચ કોઈએ નહીં કર્યો હોય. ટેટ્સ ઓફ પરેશભાઈ.

નર્મદા કેનાલમાંથી ડૂબતાને બચાવવાનું કામ કરતી ફાયરબ્રીગેડની ટીમ પણ સાચે જ બીરદાવવા લાયક ફરજ બજાવે છે. જાહેર સન્માનમાં તેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમાજના ચાર એવા ક્ષેત્રો કે જ્યાં કદાચ એમના દ્વારા થતા કામને એમની ફરજ માત્ર ગણી લેવાય છે ત્યારે પરેશભાઈ દવે દ્વારા એમની કામ પ્રત્યેની ફરજપરસ્તીની નોંધ લઈ, બિરદાવીને સમાજમાં અનોખી સેવાની ભાત ઉભી કરી છે.

કરૂણાનિધિની અંતિમવિધિમાં માનવ મહેરામણ

અનેક ચાહકો ભાવનાશીલ બન્યા : રાજાજી હોલથી મરીના બીચ સુધી અંતિમયાત્રા યોજવામાં આવી : દફનવિધિના સ્થળ ઉપર લોકો ઉમટી પડ્યા : પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી : સંપૂર્ણ સન્માનની સાથે દફનવિધિ : તમામ ટોચની હસ્તીઓ ઉપસ્થિત

ચેન્નાઇ,તા. ૮

તમિળનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા ડીએમકેના વડા એમ કરૂણાનિધિના અંતિમ સંસ્કાર વેળા લોકો ઉમટી પડ્યા હતા. જનસૈલાબ ચેન્નાઈના માર્ગો ઉપર ઉમટી પડ્યા બાદ પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ચેન્નાઈમાં રાજાજી હોલથી કરૂણાનિધિની શવયાત્રા નિકળી હતી ત્યારબાદ મરીના બીચ ઉપર તેમની દફનવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મદ્રાસ હાઈકોર્ટે ડીએમકેના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિને મરીના બીચ ઉપર દફનવિધિ માટે મંજુરી આપી દેવામાં આવ્યા બાદ સસ્પેન્સનો અંત આવ્યો હતો અને અંતિમવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંતિમવિધિ વેળા માર્ગોની ચારેબાજુ લોકો

ઉમટી પડ્યા હતા. તેમના દર્શન માટે પડાપડી થઇ હતી. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા હોવાના કારણે તેમની દફનવિધિ કરવામાં આવી હતી. જયલલિતાની પણ દફનવિધિ કરવામાં આવી હતી. અગાઉ મરીના બીચ ઉપર કરૂણાનિધિ માટે સમાધિ બનાવવાને લઇને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જો કે, તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને અંતે મંજુરી મળી ગઈ હતી. અંતિમ વિધિ વેળા સ્વર્ગસ્થ નેતાને જોવા માટે ભારે પડાપડી થઇ હતી. રાષ્ટ્રપતિ ભવન ખાતે પણ રાષ્ટ્રીય ધ્વજને

● અનુસંધાન પાન-૭ પર

મોદી, રાહુલ, રજનીકાંત અને કમલ હાસન દ્વારા પૂષ્પાંજલિ

કાચની પેટી ઉપર વિશેષ લખાણથી બધા પ્રભાવિત થયા

ચેન્નાઈ, તા. ૮

કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, ફિલ્મ સ્ટાર રજનીકાંત, ફિલ્મ સ્ટાર કમલ હસન સહિતની તમામ હસ્તીઓ પહોંચી હતી. એક સમયે દ્રવિડ આંદોલનના કેન્દ્રબિંદુ રહેલા કરૂણાનિધિની અંતિમ યાત્રા આજે શરૂ થઈ હતી તે પહેલા તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે તમામ ટોચની હસ્તીઓ પહોંચી હતી. કરૂણાનિધિને જે કાંચના બોક્સમાં રાખવામાં આવ્યા હતા તેના ઉપર લખવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ કોઇપણ આરામ વગર કામ કરી રહી હતી તે વ્યક્તિ હવે આરામ કરી રહી છે. મરીના બીચ ઉપર કરૂણાનિધિ માટે સમાધિ બનાવવા માટેનો મામલો પણ ખુબ જ ગરમ બન્યો હતો અને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

યુદ્ધવિમાનમાંથી અચાનક મિસાઈલ લોન્ચ થઈ...!!

ઉત્તર યુરોપના એસ્ટોનિયામાં એક યુદ્ધવિમાનમાંથી અચાનક મિસાઈલ લોન્ચ થઈ ગઈ હતી. જેના કારણે એસ્ટોનિયાની સૈન્ય ગતિવિધિઓ દરમિયાન દોડધામ મચી હતી. આ યુદ્ધવિમાન સ્પેનિશ હતું અને તે પ્રેક્ટિસ કરી રહ્યું હતું.

ડિફોલ્ટર્સના વિદેશ જવા પર પ્રતિબંધ મૂકાશે

કેન્દ્ર સરકાર હવે લોન લઈને ભરપાઈ નહીં કરતાં મોટા ડિફોલ્ટર પર લગામ કસવા જઈ રહી છે. હવે રૂ.૫૦ કરોડથી વધુ રકમના ઈરાદાપૂર્વકના ડિફોલ્ટર્સ (વિલફૂલ ડિફોલ્ટર)ના વિદેશ પ્રવાસ પર નિયંત્રણો મૂકવા સક્રિય વિચારણા ચાલી રહી છે.

બારામૂલામાં સેનાએ અથડામણમાં બે આતંકી ઠાર કર્યા

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર સેનાના જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં સેના દ્વારા બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. આ અથડામણમાં સેનાના એક જવાન ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાદેશિક પક્ષોમાં શિવસેનાને સૌથી વધુ દાન મળ્યુ

વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રાદેશિક પક્ષોને કુલ ૯૧.૩૭ કરોડનું દાન મળ્યું હતું જેમાં શિવસેના પ્રથમ અને આપ બીજા સ્થાને રહયું છે. ૨૦૧૬-૧૭માં પ્રાદેશિક પક્ષોને ૬૩૯ દાનમાં કુલ ૯૧.૩૭ કરોડ રૂપિયા મળ્યા હતા. જેમાં ૨૦,૦૦૦ થી ઓછું અને તેથી વધુ સામેલ છે. શિવસેનાને ૨૯૭ દિવસોમાં ૨૫-૬૫ કરોડ, આપને ૩૮૬૫ દાનમાં ૨૪-૭૩ કરોડ અકાલીદળને ૧૫-૪૫ કરોડ મળ્યા હતાં.

રાજ્યસભા ઉપાધ્યક્ષ પદ માટે બી કે હરિપ્રસાદ હશે કોંગ્રેસના ઉમેદવાર

એનડીએના ઉમેદવાર હરિવંશે ફોર્મ ભર્યું,આજે યોજાશે ઉપાધ્યક્ષ માટે ચૂંટણી

ન્યુ દિલ્હી,તા.૮

રાજ્યસભામાં ઉપાધ્યક્ષ માટે ૯ ઓગસ્ટના યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ વિરુદ્ધ એનડીએની સીધી જંગ જોવા મળે છે. કોંગ્રેસે બુધવારે બી કે હિરપ્રસાદને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે, જ્યારે એનડીએ તરફથી જેડીયુના નેતા હરિવંશ ઉપાધ્યક્ષ પદના ઉમેદવાર છે. આંકડાઓનું ગણિત જોતા હાલ ભાજપના નેતૃત્વુ હેઠળ એનડીએ બહુમત મળે તેવી અપેક્ષા છે. અગાઉ એવી અટકળો વહેતી થઈ હતી કે યુપીએ એનસીપીના વંદના ચવ્હાણને ઉમેદવાર જાહેર કરી શકે છે પરંતુ, અંતિમ ક્ષણે હરિપ્રસાદને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા.

શિવસેના એનડીએ ઉમેદવારને સમર્થન કરશે

જ્યારે બીજી તરફ શિવસેનાએ કહ્યું કે, રાજ્યસભાના ઉપસભાપતિ પદની ચૂંટણી માટે તેઓ રાજગના ઉમેદવારને સમર્થન કરશે. શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે જણાવ્યું કે, ભાજપ અધ્યક્ષ અમિત શાહે આજે શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીક કરી ૯ ઓગસ્ટના રોજ થનારા મતદાન માટે સમર્થન માંગ્યું હતું. તેમણે કહ્યું કે, અમિત શાહે આજે ઉદ્ધવજી સાથે વાતચીત કરી અને શિવસેના પાસે સમર્થન માંગ્યું. અમે જદયુ ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે કારણ કે ઉપસભાપતિ પદ બિન-રાજકિય પદ છે.

વરિષ્ઠ કોંગ્રેસી નેતા આનંદ શર્માએ બી કે હરિપ્રસાદને પક્ષના ઉમેદવાર જાહેર કર્યા છે. પોતાની ઉમેદવારીની જોરાત બાદ હરિપ્રસાદે જણાવ્યું કે પક્ષે કંઈક સમજી- વિચારીને જ તેમનું નામ પદ માટે આગળ રાખ્યું હશે. તેમણે જણાવ્યું કે 'અમે તમામ વિપક્ષ સાથે વાત કરીને આગળની રણનીતિ મુદ્દે ચર્ચા કરીશું.'

એનડીએના ઉપાધ્યક્ષ પદના ઉમેદવાર અને જેડીયુના નેતા હરિવંશે રાજ્યસભાના ઉપાધ્યક્ષ પદ માટે બુધવારે ફોર્મ

● અનુસંધાન પાન-૭ પર

હવે કર્ણાટક કેબિનેટનું આજકાલમાં વિસ્તરણ

બેંગ્લોર,તા. ૮

કોંગ્રેસના નારાજ ધારાસભ્યોને મનાવવાના પ્રયાસ યુદ્ધનાધોરણે ચાલી રહ્યા છે. જેડીએસ-કોંગ્રેસ સરકારે હવે કેબિનેટ વિસ્તરણ માટેની તૈયારી કરી લીધી છે. ૧૧મી ઓગસ્ટના દિવસે પુરા થઈ રહેલા ગાળા બાદ કેબિનેટના વિસ્તરણ કરવામાં આવનાર છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, ઘણા સમયથી કુમારસ્વામી સરકારમાં ચાલી રહેલી ખેંચતાણનો અંત લાવવામાં આવશે. એચડી કુમારસ્વામીને ૧૦ સપ્તાહ જુની સરકારને ગબડાવવાના પ્રયાસ થઈ રહ્યા છે તેવા અહેવાલ હાલમાં આવી રહ્યા છે. ૮-૧૦થી નારાજ કોંગ્રેસના ધારાસભ્યો ગઠબંધન સરકારને ગબડાવી દેવા ભાજપ સાથે હાથ મિલાવવા તૈયારીમાં છે તેવા અહેવાલ હાલમાં જ આવ્યા હતા.

શનિવારે આ વર્ષનુ છેલ્લુ સૂર્યગ્રહણ

૧૦ ઓગસ્ટની રાત્રે ૧૨ વાગ્યા પછી એક વાગીને ૩૨ મિનિટે શરુ થશે : ત્રણ રાશિયો માટે ગ્રહણ ભારે

ન્યુ દિલ્હી,તા.૮

ખગોલીય ઘટનાઓના વૈજ્ઞાનિક આધારની સાથે સાથે આ ઘટનાઓની જ્યોતિષીય ગણનાઓ પર પણ અસર પડે છે. આ વર્ષનુ છેલ્લુ સૂર્ય ગ્રહણ ૧૧ ઓગસ્ટના થશે. જ્યારે આ પહેલા ૧૫ ફેબ્રુઆરી એને ૧૩ જુલાઇના રોજ સૂર્યગ્રહણ હતું. ઘણા જ્યોતિષીઓનું માનવું છે કે વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ ઘણી રાશિયો માટે યોગ્ય નથી.

૧૧ ઓગસ્ટ શનિવારના રોજ આ સૂર્યગ્રહણ બપોરે ૧ વાગીને ૩૨ મિનિટે શરૂ થશે. ગ્રહણનુ સૂતક કાલ ૧૦ ઓગસ્ટની રાત્રે ૧૨ વાગ્યા પછી એક વાગીને ૩૨ મિનિટે શરૂ થશે. ગ્રહણ ૧૧ ઓગસ્ટના રોજ સાંજે ૫ વાગ્યે પૂર્ણ થશે. વર્ષનુ છેલ્લુ સૂર્યગ્રહણ ભારતમાં નહિં દેખાય. પંરતુ ભારતના પાડોશી દેશ ચીન સિવાય નોર્થ એમેરીકા, નોર્થ પશ્ચિમ એશિયા, સાઉથ કોરીયા એને મોસ્કોમાં જોવા મળી શકે છે. પાછલા સૂર્યગ્રહણની જેમ આ ગ્રહણ પણ આંશિક હશે. આ ગ્રહણ કર્ક રાશિમાં થવા જઇ રહ્યું છે, જે ૪ રાશિયો મેષ, મકર, તુલા અને કુંભ રાશિ માટે ફાયદાકારક રહેશે. કર્ક રાશિમાં ગ્રહણ હોવાથી કર્ક રાશિ સિવાય, મિથુન અને સિંહ રાશિના જાતકો માટે પણ આ ગ્રહણ શુભ નથી. આ રાશિના જાતકોએ સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવુ જોઇએ અને ધન ખર્ચને લઇને વિશેષ ધ્યાન રાખવું જોઇએ.

ડોન દાઉદના નજીકના સાથીને પ્રત્યાર્પણ કરીને ભારત લવાશે

થાઈલેન્ડની કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ આદેશ કરાયો : ડોન દાઉદના દુશ્મન રાજનની હત્યાના કાવતરામાં સામેલ

બેંગકોક,તા. ૮

થાઈલેન્ડમાં એક અપરાધિક કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમનો એક નજીકનો સાગરિત પાકિસ્તાની નથી બલ્કે ભારતીય નાગરિક છે. સઈદ મુઝક્કિર મુદસ્સર હુસૈન ઉર્ફે મોહમ્મદ સલીમ અને મુન્ના ઝિંગડા દાઉદની ડી કંપનીના એક હિસ્સા તરીકે રહ્યો છે. તેને હવે પ્રત્યાર્પણ કરીને ભારત સોંપવામાં આવનાર છે. થાઈલેન્ડે આ અંગેની તૈયારી દર્શાવી દીધી છે. ભારતમાં મોસ્ટ વોન્ટેડ અન્ડરવર્લ્ડ અપરાધી દાઉદ ઈબ્રાહીમ અને છોટા શકીલના નજીકના સાથી તરીકે ઝિંગડાને ગણવામાં આવે છે. મુન્ના ઝિંગડા બનાવટી પાકિસ્તાની પાસપોર્ટના આધાર પર બેંગકોક ગયો હતો. વર્ષ ૨૦૦૦થી તે ત્યાની જેલમાં બંધ છે. તેના ઉપર દાઉદના દુશ્મન છોટા રાજનની હત્યા કરવાના કવતરા ઘડી કાઢવાનો આરોપ રહ્યો છે. ઝિંગડાના પિતા મુદસ્સર હુસૈનની ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં મોટી ભૂમિકા હતી. પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈનું રક્ષણ પણ તેને મળેલું છે. મુન્ના ઝિંગડાની સજાને પહેલા ૩૪ વર્ષ કરી દેવામાં આવી હતી. થાઈલેન્ડમાં પાકિસ્તાની મિશને ફરીથી તેને લઈને સફળતા મેળવી હતી. તેની સજા ૨૦૧૬માં ઘટાડીને ૧૮ વર્ષ કરવામાં આવી હતી. પ્રત્યાર્પણ માટે કામગીરી થતી રહી છે. ડિસેમ્બર ૨૦૧૬માં તેને મુક્ત કરી દેવાની યોજના હતી.

એર ઈન્ડિયાને રૂ.૧૧ હજાર કરોડનું બેલઆઉટ પેકેજ આપવા વિચારણા

ન્યુ દિલ્હી,તા.૮

નાગરિક ઉડ્ડયન મંત્રાલય સરકારની માલિકીની વિમાન કંપની એર ઈન્ડિયા માટે રૂ.૧૧૦૦૦ કરોડનું બેલઆઉટ પેકેજ આપવા સક્રિય વિચારણા કરી રહ્યું છે. આ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય નાણાં મંત્રાલય સાથે વિચાર-વિમર્શ કરીને નિર્ણયઢ્ઢ લેશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટમાં મળેલી નિષ્ફળતા તેમજ તેના ખાનગીકરણ માટે કોઈ યોગ્ય બીડ નહીં મળતાં સરકાર હવે આ કંપનીને ચલાવવા માટે બેલઆઉટ પેકેજ આપવા પર વિચારી રહી છે.

બિહારના મંત્રી મન્જુ વર્માનું રાજીનામુ

પટણા,તા. ૮

મુઝફ્ફરપુર ગૃહ રેપ કાંડમાં વિપક્ષના વધતા જતાં દબાણ વચ્ચે બિહારના સામાજિક કલ્યાણમંત્રી મંજુ વર્માએ આજે રાજીનામુ આપી દીધું છે. આ મામલાની તપાસ સીબીઆઈ કરી રહી છે અને એવામાં શંકા હતી કે, તેમની તપાસ મંજુ વર્માના પતિ ચંદ્રેશ્વર વર્મા સુધી પહોંચી શકે છે. આ પહેલા મંજુ વર્માના રાજીનામા ઉપર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યું હતું કે, મંત્રીએ તેમને મળીને ખુલાસો કરી દીધો છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, કારણ વગર કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં.

રક્તદાન કેમ્પ
તા. ૮/૮/૧૮ અને ૯/૮/૧૮
સવારે ૮ થી રાતના ૮
: સ્થળ :
શ્રદ્ધાદીપ બ્લડ બેંક
ઘ-૪, સેક્ટર-૧૬, ગાંધીનગર
જાહેર રક્તદાન કેમ્પ માટે સંપર્ક કરો.
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮

રક્તદાન - મહાદાન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય